RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 83, Dt.17-06-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વધુ એક ટ્રેન અકસ્માતઃ ૧૫ મુસાફરોનાં મોત



## કંચનજંગા એક્સપ્રેસ સાથે માલગાડી અથડાતા ગમખ્વાર દુર્ઘટના સર્જાઈઃ 30 ઘાયલઃ મૃત્યુનો આંક વધવાની સંભાવનાઃ રાહત બચાવનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલુઃ મૃતકોના પરિવારને રૂા.૧૦-૧૦ લાખની સહાય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ બંગાળમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં સોમવારે સવારે લગભગ ૯ વાગ્યે એક માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસ (૧૩૧૭૪)ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કંચનજંગા એક્સપ્રેસના ૩ ડબ્બાને ભારે નુકસાન થયું હતું. અત્યાર સુધીમાં બે લોકો પાઇલટ અને એક ગાર્ડ સહિત ૧૫ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. ગેસકટર વડે ડબ્બા કાપીને લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

બપોરે ૧૨.૪૦ વાગે સિયાલદહ માટે સ્પેશિયલ ટ્રેન રવાના થઈ છે. ટ્રેનમાં મોટાભાગના મુસાફરો માલદા અને બોલપુરના છે. સિંગલ લાઇન પર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે.

કંચનજંગા એક્સપ્રેસ પશ્ચિમ બંગાળના અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી. રેડ સિગ્નલના કારણે એક્સપ્રેસ ટ્રેનને સિલિગુડીના રંગપાની સ્ટેશન પાસે રૂઈધાસા ખાતે રોકી દેવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી માલગાડીએ ટક્કર મારી હતી. માલગાડીના પાઈલટે સિગ્નલ તોડ્યું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલોને ૨.૫૦ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ સિવાય અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

ટક્કર એટલી ભયાનક હતી કે એક્સપ્રેસ ટ્રેનનો એક કોચ માલગાડીના એન્જિન પર હવામાં લટકી ગયો હતો. જ્યારે અન્ય બે કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. NDRF અને SDRF સહિત રેલવે અને બંગાળના અધિકારીઓ પણ બચાવ કાર્યમાં લાગેલા છે.આશંકા છે કે માલગાડીના પાઇલટે સિગ્નલની અવગણના કરી હતી, જેના કારણે આ દુર્ઘટના ઘટી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્સપ્રેસ ટ્રેનનો એક ડબ્બો માલગાડીના એન્જિન પર ચડી ગયો હતો. જ્યારે અન્ય બે કોચ પાટા પરથી ઊતરી ગયા હતા.

## બજેટમાં આયકર ક્ષેત્રે રાહત મળવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરાદાતાઓને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. વર્તમાન આવકવેરા માળખાને તર્કસંગત બનાવવા માટે ઉત્પાદકો આવકવેરાના દરમાં ઘટાડો કરી શકે છે. ઘટતા વપરાશની સમસ્યાનો સામનો કરી રહેલી ભારતીય અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવા માટે સરકાર આગામી બજેટમાં આવકવેરા અંગે મોટી જાહેરાત કરી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. સૂત્રોને ટાંકીને એવું કહેવામાં આવ્યું છે કે સરકારી નીતિ નિર્માતાઓ હાલના આવકવેરા માળખાને તર્કસંગત બનાવવાની તરફેણમાં છે. આ માટે ઓછી આવક કરદાતાઓને વધુ ટેક્સ છૂટ આપવામાં આવી શકે છે. નવી રચાયેલી ભાજપની આગેવાની હેઠળની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકાર




જુલાઈના ત્રીજા સપ્તાહ સુધીમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંપૂર્ણ બજેટ રજૂ કરે તેવી શક્યતા છે.

બે સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે એવી શક્યતા છે કે સરકાર રાજકોષીય એકત્રીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ઓછી આવક ધરાવતા લોકો માટે આવકવેરાના દરમાં ઘટાડો કરવાને મફત અને વધુ પડતા કલ્યાણ ખર્ચ પર અગ્રતા આપવામાં આવી શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે નિકાલજોગ આવક વધારવા માટે ટેક્સ કાપ વધુ અસરકારક માપદંડ હોઈ શકે છે.

## સૌરાષ્ટ્ર, ગુજરાતમાં મેઘાવી માહોલ જામ્યોઃ છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા ઘણાં દિવસોથી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે. સૌરાષ્ટ્રમાં રવિવારે (૧૬મી જૂન) સવારથી ધોધમાર વરસાદ પડ્યો હતો. દેવભૂમિ દ્વારકા અને ખંભાળિયામાં છ કલાકમાં સાડા નવ ઈંચ વરસાદ ખાબક્યો હતો. નોંધનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ જિલ્લામાં વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે(૧૭મી જૂન) વહેલી સવારથી કચ્છ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં મેઘાવી માહોલ જોવા મળી રહ્યો છે. કચ્છના માંડવીમાં ૧૫ મિ.મી., દ્વારકામાં ૫ મિ.મી. જ્યારે



પોરબંદર અને ભાણવડમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.

સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. પોરબંદરમાં વહેલી સવારે ધોધમાર વરસ્યા બાદ દેવભૂમિ દ્વારકામાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ જિલ્લામાં હળવોથી ભારે વરસાદ વરસ્યો હતો. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ભાવનગર, વલસાડ, અમરેલી, સુરત, કચ્છ, જૂનાગઢ, રાજકોટ અને જામનગર જિલ્લામાં વરસાદ નોંધાયો છે.

૧૭મી જૂનના રોજ અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ૧૮મી જૂનના રોજ જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહિસાગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં વરસાદની શક્યતા છે.

૧૯મી જૂનના રોજ ખેડા, આણંદ, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે જ્યારે જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે. જ્યારે ૨૦મી અને ૨૧મી જૂનના રોજ વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં ગાજવીજ સાથે વરસાદ જ્યારે જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં હળવો વરસાદ થવાની શક્યતા છે.

## અમદાવાદમાંથી ખતરનાક સાયબર ગેંગ ઝડપાઈઃ સૌરાષ્ટ્રના ૧૦ શખ્સો પકડાયા

### અનેક લોકોને ફોન કરી લાખો રૂપિયાનો તોડ કર્યાનો પર્દાફાશઃ રાજકોટ, ધોરાજી અને પોરબંદરના શખ્સોની પૂછપરછ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ડીજીટલ પેમેન્ટના યુગમાં સાયબર ક્રાઇમ ફ્રોડ ગેંગ હવે પૂરા દેશમાં વધુ સક્રિય બની હોય તેમ રોજની હજારો ફરિયાદો થતી રહે છે. છેતરપીંડીના સેંકડો કેસ પોલીસ મથક સુધી પહોંચી રહ્યા છે ત્યારે ગુજરાતમાં લોકો પાસેથી નાણા પડાવવા સાયબર ગેંગની નવી મોડેસ ઓપરેન્ડી બહાર આવી છે. ચોકકસ લોકોને નિશાન બનાવી તેમના કુરીયરમાં ડ્રગ્સ હોવાનું કહી, મની લોન્ડરીંગના કેસ કરવાની ધમકી આપતી ચાઇનીઝ ગેંગના ૨૦થી વધુ શખ્સોને અમદાવાદથી પકડી પાડવામાં આવતા આ તોડનું મોટુ કારસ્તાન બહાર આવ્યું છે.

સીબીઆઇ, ઇડી સહિતની એજન્સી મારફત મોટો કેસ કરવાનો ધમકી આપતી આ ગેંગનો પર્દાફાશ થયો છે. જેમાં પકડાયેલા ૨૦ આરોપીઓ પૈકી ૪ રાજકોટ શહેરના, ૪ ધોરાજીના, ૨ પોરબંદર અને કુતિયાણાના આરોપીઓ છે. આ સિવાય અમદાવાદ, સુરતના શખ્સો આ ટોળકી સાથે જોડાયેલા હોય,



ક્રાઇમ બ્રાંચ દ્વારા કૌભાંડના મુળ સુધી પહોંચવા પ્રયાસો શરૂ કરાયાનું જેસીપી શરદ સીંગલે જણાવ્યું છે. તો ડીસીપી અજિત રજયાને કોઇને પ્રલોભનમાં ન આવવાની અપીલ કરી કયારેય સેન્ટ્રલ એજન્સી કોલ કરતી નથી તેવું કહ્યું છે. આ રૂપિયા ક્રિપ્ટો કરન્સી મારફત ચીન સુધી પહોંચી રહ્યાનું ડીસીપી ડો. લવિના સિંહાએ કહ્યું હતું.

અમદાવાદમાં રહેતા અને જાણીતી સંસ્થા 'માઇકા'ના પૂર્વ પ્રમુખ શૈલેન્દ્ર ભટ્ટને તમે તાઇવાનમાં જે કુરીયર મોકલ્યુ તેમાં ડ્રગ્સ હોવાનો કોલ આવ્યો હતો. સીબીઆઇ અને નાર્કોટીક એજન્સી તપાસ કરતી હોય, મની લોન્ડરીંગનો કેસ કરવામાં આવશે. સતત બે દિવસ સુધી તેમને ધમકાવી ૧.૧૫ કરોડ પડાવવામાં આવ્યા હતા. બીજા કેસમાં ખાનગી કંપનીના મેનેજરને ફેડેકસ કંપનીના નામે કોલ આવ્યો હતો.

મુંબઇથી ઇરાન મોકલેલા કુરીયરમાં ડ્રગ્સ હોવાનું કહી ધરપકડની ધમકી આપતા તેઓએ લોન પાસ કરાવી ટોળકીએ ૯.૭૬ લાખ પડાવ્યા હતા. તો નિવૃત અધિકારી શ્રેણિકભાઇ પર મુંબઇ ક્રાઇમ બ્રાન્ચના ઇન્સ. સાવંતના નામે ફોન આવ્યો હતો. તેમના આધાર કાર્ડ પર મુંબઇના નવાબ મલીકે ૨૪ બેંક ખાતા ખોલાવી હવાલા પડાવ્યા અને ડ્રગ્સમાં પણ નામ ખુલ્યાનું કહી ૪૦ લાખ પડાવી લીધા હતા.

તમારો નંબર બે કલાકમાં બંધ થશે, જાણવું હોય તો ૯ નંબર દબાવો, આ નંબર દબાવતા તેમના નામે મુંબઇમાં ૨૪ સીમ કાર્ડ લેવાયું અને ડ્રગ્સ મંગાવ્યાનું કહી ધરપકડની ધમકી આપી લાખો રૂપિયા પડાવ્યાનું ખુલ્યુ છે. અમદાવાદ પોલીસની તપાસમાં એવી ચોંકાવનારી વિગત બહાર આવી છે કે આ ગેંગ જુદા જુદા ટાસ્ટ પર કામ કરે છે. સર્ચ એન્જીન પરથી ટાર્ગેટ નકકી કરવામાં આવે છે.

બીજી ટીમ તેની પ્રોફાઇલ તૈયાર કરી વિડીયો કોલ પણ કરે છે. ચોકકસ ખાતામાં રૂપિયા જમા થાય એ માટે એક ટીમ કામ કરે છે. રૂપિયા આવી જાય પછી અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી દેવાય અને ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી ચીન મોકલવામાં આવે છે. આ રીતના કોલ અને સાયબર ક્રાઇમ કૌભાંડથી ચેતવા પોલીસે અપીલ કરી છે.

આ કૌભાંડનો માસ્ટર માઇન્ડ મોઇન ઇગોરીયાએ ધો.૧૨ સાયન્સ કર્યુ છે અને મેડીકલમાં પ્રવેશ ન મળતા સાયબર ઠગ બન્યો હતો. જેમાં તે નિષ્ણાંત થઇ ગયો છે. પૈસા પડાવવાના કેસમાં ૯ ચાઇનીઝ શખ્સોના નામ પણ ખુલ્યા છે. આ પુરૂ કૌભાંડ ચીન, કંબોડીયા અને હોંગકોંગથી ચાલે છે. ભારતીય લોકો પાસેથી ડરાવી, ધમકાવીને તોડ કરવાના કૌભાંડકાર મોઇન અને નેવીવાલા મુસ્તુફા યુનુસ આ ચીટીંગ શીખવા ચીન પણ જઇ આવ્યા છે. તેઓ ફરી હોંગકોંગ થઇને ચીન જવાના હતા પરંતુ પોલીસે મોઇનને ઝડપી લીધો છે અને બે ટીકીટ પણ કબ્જે કરી છે.

## સિકકીમમાં ફસાયેલાં ૧૨૦૦થી વધુ પ્રવાસીઓને બહાર કાઢવાનું કામ આજથી શરૂ થવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સિક્કિમના મંગન જિલ્લામાં ફસાયેલા ૧,૨૦૦ થી વધુ પ્રવાસીઓને બહાર કાઢવાનું કામ સોમવારે શરૂ થવાની સંભાવના છે. ચુંગથાંગ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) કિરણ થટાલે જણાવ્યું હતું કે જો હવામાન અનુકૂળ રહેશે, તો સ્થળાંતર પ્રક્રિયા હવાઈ અથવા માર્ગ દ્વારા કરવામાં આવશે. અત્યાર સુધી હવામાનને કારણે પરિસ્થિતિ પ્રતિકૂળ હતી. તેથી પ્રવાસીઓને બહાર કાઢવાની કામગીરી શરૂ થઈ શકી નથી.

સિક્કિમ અધિકારીએ કહ્યું કે જિલ્લા વહીવટીતંત્ર ફસાયેલા પ્રવાસીઓને રહેવાની વ્યવસ્થા કરી છે. તેમને લાચુંગ શહેરની અલગ-અલગ હોટલોમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ભોજન આપવામાં આવે છે. જો કોઈ પ્રવાસીઓને કોઈ અસુવિધાનો સામનો કરવો પડે તો તેમને લાચુંગ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

SDMએ ચુંગથાંગ ઇઉઘપીપોન લાચુંગ અને હોટલ માલિકો સાથે સ્થળાંતર પ્રક્રિયા અંગે ચર્ચા કરવા માટે બેઠક પણ બોલાવી હતી. હોટેલ માલિકોને પણ કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી સ્થળાંતર પ્રક્રિયા શરૂ ન થાય ત્યાં સુધી પ્રવાસીઓને તેમના રૂમ



ખાલી કરવા ન કહે, તેમ થટાલે જણાવ્યું હતું.

સિક્કિમમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા વરસાદ અને ભૂસ્ખલનના કારણે ભારે નુકસાન થયું છે. કેટલીક જગ્યાએ રસ્તાઓ તૂટી ગયા છે તો કેટલીક જગ્યાએ રસ્તાઓ નદીમાં ડૂબી ગયા છે. મંગન જિલ્લામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી રસ્તાઓ બંધ થયા બાદ ૧,૨૦૦ થી વધુ સ્થાનિક અને ૧૫ વિદેશી પ્રવાસીઓ લાચુંગમાં ફસાયેલા છે. પૂર્વ સિક્કિમના ડિકચુમાં રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે અને ઘણા ઘરોને નુકસાન થયું છે. દક્ષિણ સિક્કિમમાં લિંગી-પ્યોંગને જોડતો મુખ્ય માર્ગ વરસાદને કારણે સંપૂર્ણપણે નાશ પામ્યો છે. તિસ્તા નદી સતત ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે, જેના કારણે નદી કિનારે રહેતા લોકોમાં ગભરાટ વધી ગયો છે.મુખ્યમંત્રીએ શુક્રવારે એક બેઠક યોજી હતી અને અધિકારીઓને પરિસ્થિતિ પર નજીકથી દેખરેખ રાખવા અને કનેક્ટિવિટી અને રાહત પ્રયાસો પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. બેઠકમાં ગ્રામીણ વિકાસ વિભાગ મંત્રી અરૂણ ઉપ્રેતી, માર્ગ અને પુલ મંત્રી એન.બી. દહેલ સહિત તમામ વિભાગના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતમાં EVM બ્લેક બોક્સ છે, મસ્ક બાદ રાહુલ ગાંધીએ પોસ્ટ કરતા ફરી ચર્ચાનો મધપૂડો છેડાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ઈવીએમને લઈને લાંબા સમયથી વિપક્ષ સવાલો ઉઠાવી રહ્યું છે. તેમજ ઈલોન મસ્કે પણ ઈવીએમ અંગે એક મોટો દાવો કરીને કહ્યું હતું કે તે હેક થઈ શકે છે અને તેનો ઉપયોગ જ બંધ કરીને ઈવીએમ ખતમ કરી દેવા જોઈએ. ત્યારે હવે રાહુલ ગાંધીએ પણ ઈવીએમને લઈને સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ કરી છે. જેમાં ઈલોન મસ્કને પણ ટેગ કર્યા છે.

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી દરમિયાન વિપક્ષે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો, પરંતુ ચૂંટણી પરિણામો જાહેર થતાં જ આ મુદ્દો ગાયબ થઈ ગયો હતો. જો કે વચ્ચે-વચ્ચે



નેતાઓએ આ અંગે સવાલો ઉઠાવ્યા છે. જે મુદ્દો અચાનક ગાયબ થઈ ગયો હતો તે ફરી ચર્ચામાં આવે તેમ લાગી રહ્યું છે. હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ઊટખને લઈને સવાલો ઉઠાવ્યા છે.

રાહુલ ગાંધીએ પોતાના સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરતા લખ્યું છે કે 'ભારતમાં EVM એ બ્લેક બોક્સ છે. અને કોઈને તેની તપાસ કરવાની પરવાનગી નથી. ભારતની ચૂંટણી પ્રક્રિયાની પારદર્શકતા અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે સંસ્થાઓમાં જવાબદારીનો અભાવ હોય છે, ત્યારે લોકશાહી ઢોંગી બની જાય છે અને છેતરપિંડીની શક્યતા વધી જાય છે.'

નોંધનીય છે કે અગાઉ દુનિયાના ટોચના ધનિકોમાં સામેલ ટેસ્લાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) ઈલોન મસ્કે ઈવીએમ અંગે એક મોટો દાવો કરીને આખી દુનિયાને ચોંકાવી હતી. મસ્કે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) વિશે કહ્યું કે તે હેક થઈ શકે છે અને તેનો ઉપયોગ જ બંધ કરીને ઈવીએમ ખતમ કરી દેવા જોઈએ.

## નોન-લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓના પ્રિમિયમમાં ૧૫.૫ ટકાનો વધારો

### મે મહિનામાં વીમા બજારમાં જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓનો કુલ હિસ્સો ઘટીને ૩૩.૮૨ ટકા થયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નોન-લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીઓના પ્રિમિયમમાં મે ૨૦૧૪માં વાર્ષિક ધોરણે ૧૫.૪૭ ટકાનો વધારો થયો છે. જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલના તાજેતરના ડેટા અનુસાર, આ કંપનીઓને પ્રીમિયમ તરીકે કુલ રૂ. ૨૦,૮૨૨.૨૯ કરોડ મળ્યા છે.

સામાન્ય વીમા કંપનીઓનું પ્રીમિયમ મે મહિનામાં વાર્ષિક ધોરણે ૧૪.૦૫ ટકા વધીને રૂ. ૧૮,૧૭૦.૬૪ કરોડ થયું છે. સરકારી સામાન્ય વીમા કંપનીઓનું પ્રિમિયમ ૭.૨૮ ટકા વધીને રૂ. ૬,૬૯૬.૨૪ કરોડ થયું છે. ખાનગી કંપનીઓના કિસ્સામાં પ્રીમિયમ ૧૮.૪૦ ટકા વધીને રૂ. ૧૧,૪૭૪.૪ કરોડ થયું છે.

સામાન્ય વીમા કંપનીઓમાં, ન્યૂ



ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીનું પ્રીમિયમ થોડું ઓછું હતું. કંપનીનું પ્રીમિયમ વાર્ષિક ધોરણે ૦.૬૭ ટકા ઘટીને રૂ. ૨,૪૦૪.૪ કરોડ થયું છે.

આ સમયગાળા દરમિયાન ખાનગી ક્ષેત્રની ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ વાર્ષિક ધોરણે ૨૧.૬૪ ટકા વધીને રૂ. ૨,૧૦૪.૫૧ કરોડ અને બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ ૯.૨૬ ટકા વધીને રૂ. ૧,૦૯૩.૨૩ કરોડ થયું છે.

અન્ય મુખ્ય વીમા કંપનીઓમાં, HDFC એર્ગો જનરલ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ ૪.૭૬ ટકા ઘટીને રૂ. ૯૬૯.૯૮ કરોડ થયું હતું, જ્યારે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના કિસ્સામાં તે ૧૫.૭૫ ટકા વધીને રૂ. ૧,૬૯૬.૦૫ કરોડ થયું હતું. ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સનું પ્રીમિયમ વધીને રૂ. ૧,૬૦૧.૦૯ કરોડ થયું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં ૧૫.૭૫ ટકા વધુ છે.

માર્કેટ શેરના સંદર્ભમાં મે મહિનામાં વીમા બજારમાં જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓનો કુલ હિસ્સો ૩૩.૮૨ ટકા હતો. મે ૨૦૨૩માં તેમનો હિસ્સો ૩૬.૪૫ ટકા હતો.

## નવા થોરાળાના સર્વોદયમાંથી ૬૮ હજારનો દારૂ ભરેલી કાર પકડાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દારૂની બદી નાબુદ કરવા કડક પેટ્રોલીંગ કરી દારૂના કેસ શોધી કાઢવા સુચના અપાઇ હોઇ તે અંતર્ગત થોરાળા પોલીસની ટીમે નવા થોરાળા સર્વોદય સોસાયટી-૨૯ના ખુણે બાતમી પરથી વોચ રાખી દારૂનો જથ્થો ભરેલી હોન્ડા સીટી કાર પકડી લઇ કુલ રૂા. ૧,૬૮,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

થોરાળા ડી. સ્ટાફના પીએસઆઇ એમ. એસ. મહેશ્વરીની ટીમના એએસઆઇ જે. પી. નિમાવત, હેડકોન્સ. વિમલભાઇ ધાણજાને મળેલી બાતમી પરથી જીજે૦૩બીએ-૮૪૫૭ નંબરની કાર જપ્ત કરી હતી. તેમાંથી ઓફિસર્સ ચોઇસની ૭૫૦ એમએલની રૂા. ૪૨ હજારની ૪૮ બોટલો તથા ગ્રીન લેબલ વ્હીસ્કીની ૭૫૦ એમએલની રૂા. ૨૪ હજારની ૪૮ બોટલો અને ગોડફાધર બ્રાન્ડના રૂા. ૨૪૦૦ના ૨૪ બીયર મળી આવતાં દારૂ-બીયરનો જથ્થો અને એક લાખની કાર કબ્જે કરી હતી. કાર નંબરને આધારે તેના માલિક, ચાલકની શોધખોળ થઇ રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, એએસઆઇ જે. પી. નિમાવત, હેડકોન્સ. વિમલભાઇ ધાણજા, એલ. આર. હરદિપસિંહ ઝાલા, મયુરસિંહ રાઠોડ, ટીઆરબી સતિષ ચાવડાએ આ કામગીરી કરી હતી.

## મુસ્લિમ સમાજ દ્વારા નમાઝ પઢી બકરી ઈદની કરાઈ ઉજવણી




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે બકરી ઈદના તહેવારની મુસ્લિમ સમાજ દ્વારા નમાઝ પઢી ઉજવણી કરવામાં આવી હતી. આ તહેવારને ઈદ-ઉલ-અઝહા અને ઈદ-એ-કુર્બાન તરીકે પણ ઓળખાવામાં આવે છે. આજે શહેરના મુસ્લિમ સમાજ દ્વારા મોટી સંખ્યામાં કોર્પોરેશન ચોક ખાતે આવેલી મસ્જિદમાં બકરી ઈદ નિમિતે નમાઝ અદા કરવામાં આવી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## 'આપ' પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ અલગ અલગ દુર્ઘટનાઓ મુદ્દે સરકાર દ્વારા રચવામાં આવેલી SITની પોલ ખોલી

### ઈશુદાન ગઢવીએ પત્રકાર પરિષદમાં સરકાર પર તડાપીટ બોલાવી ક્ર્યો ખુલ્લો આક્ષેપ

**મુખ્ય સમાચાર રાજકોટ**

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ આજે રાજકોટમાં પત્રકાર પરિષદમાં સંબોધતા રાજ્ય સરકાર પર ખુલ્લોઆક્ષેપ કરતા જણાવ્યું હતું કે રાજકોટના અગ્નિકાંડ સહિત રાજ્યમાં જે જે પણ ગંભીર દુર્ઘટનાઓ બની છે. તેમાં ક્સૂરવારોને રાજ્ય સરકાર દ્વારા છાવરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે રાજકોટમાં બનેલા અગ્નિકાંડમાં પણ ફક્ત નાના અધિકારીઓને જેલ ભેગા કરી મોટા માથાઓને બચાવવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અગ્નિકાંડના ૨૦ દિવસ બાદ પણ સકારી એજન્સીઓ દ્વારા કોઈપણ આઈએએસ કે આઈપીએસ અધિકારીની ધરપકડ કરાઈ નથી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

વડોદરાના હરણીકાંડમાં પણ ખરા આરોપીની ધરપકડ કરાઈ નથી જે ૧૫ આરોપીની ધરપકડ કરાઈ છે તે દેખાવ પૂરતી છે. અમદાવાદમાં બનેલ કાકરીયા રાઈડ દુર્ઘટનામાં પણ બે લોકોના મોત થયા હતા અને ૨૯ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટનાને ચાર વર્ષનો સમય વિત્યો હોવા છતાં હજુ તપાસ જેમની તેમ છે. વર્ષ ૨૦૧૨માં થાનગઢમાં દલીત હત્યાકાંડમાં પોલીસ દ્વારા ગોળીબારથી ત્રણ યુવાનોના મોત નિપજ્યા હતા પરંતુ હજુ સુધી મૃતકોના પરિવારોને ન્યાય મળ્યો નથી. વધુમાં તક્ષશીલા અગ્નિકાંડમાં પણ તમામ આરોપીઓની ધરપકડ થયેલ હતી. પરંતુ અત્યારે તેઓ જામીન પર છુટી ગયા છે. આજ રીતે બોટાદ લઠ્ઠાકાંડના આરોપીઓ પણ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. આજની પત્રકાર પરિષદમાં આપના અગ્રણીઓ જોડાયા હતા.

### મેદાનેથી પરત ફરતી વેળાનો બનાવ

## શાપર - વેરાવળ નજીક બોલેરો કારની ઠોકરે ચડી જતા બાઈક સવારનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં ૨ મહીનામાં એક હીટ એન્ડ રનની ઘટનામાં યુવાનનો ભોગ લેવાયો હોવાની ઘટના ચકચાર મચી છે. શાપરની સર્વોદય સોસાયટીમાં રહેતા ધાર્મિક રાજેશભાઈ વાવડીયા ઉ.વ.૧૯ વર્ષનો યુવાન પોતાનું બાઈક લઈ શાપર નજીક આવેલા મેદાનમાં જતો હતો.તે દરમ્યાન અજાણ્યા બોલેરો ચાલકે હડફેટે લેતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પુર્વે દમ તોડી દેતાં હોસ્પિટલના સ્ટાફે શાપર પોલીસે ને જાણ કરતાં તુરંત સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃત યુવક ધો.૯ પાસ હતો અને કારખાનામાં નોકરી કરતો તેમજ બે ભાઈમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે.યુવાનના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે પિતાની ફરીયાદ પરથી પોલીસે અજાણ્યા બોલેરો ચાલક સામે ગુનોં નોંધી સીસીટીવી આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કાલે રાજકોટ મનપાની સ્ટે.કમિટીની બેઠક : લાખોના વિકાસકામોને અપાશે મંજૂરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકા સ્ટે.કમિટીની બેઠક લાંબાઅંતરાલ બાદ મળી રહી છે. જેમાં લાખોના વિકાસકામોને કમિટી દ્વારા મંજૂરી અપાશે. ચૂંટણીની આચાંરસહિતાના પગલે આ પહેલાની તમામ બેઠક મુલતવી રાખવાની ફરજ પડી હતી. કાલે મળી રહેલી જમ્બો બેઠકમાં કુલ ૬૮ દરખાસ્ત તંત્ર દ્વારા રાખવામાં આવી છે. જેમાં વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી ડો.યાજ્ઞિક રોડને જોડતો હયાત વોકળો ડાયવર્ટ કરી નવુ બોક્સ કલવર્ટ બનાવવાના કામ અંગે, નગર પ્રાથમિક શિક્ષણસમિતિ સંચાલીત પ્રાથમિક શાળાઓમાં ફાયર સુરક્ષાના સાધનો વસાવવા અંગેની દરખાસ્ત મુખ્ય છે.

## જૂનાગઢમાં મેઘરાજાની એન્ટ્રી

### અસહ્ય ગરમીના બફારા બાદ જૂનાગઢમાં ધીમીધારે વરસાદની એન્ટ્રી, જુનાગઢ પંથકમાં વરસાદી માહોલ છવાયો,ખેડૂતોમાં હરખ ની હેલી...




**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

રાજ્યમાં મેઘરાજાની પધરામણી થઈ ચૂકી છે.ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના જિલ્લાઓ તેમજ તાલુકામાં વરસાદ શરૂ થયો છે. ત્યારે આજે જુનાગઢ પંથકમાં વરસાદની શરૂઆત થઈ છે અને અસહ્ય બફારા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.બપોરના સમયે જુનાગઢ શહેરમાં વરસાદી જાપતા સાથે મેઘરાજાની એન્ટ્રી થઈ છે તો બીજી તરફ આ વરસાદથી ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જુનાગઢ શહેરના કાળવા ચોક મધુરમ ટીંબાવાડી મોતીબાગ સાબલપુર ચોકડી દોલતપરા જોશી પરા તેમજ અન્ય વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે ત્યારે સિઝનના પહેલા વરસાદની શરૂઆત થઈ ચૂકી છે. આ વર્ષે ઉનાળાની સિઝનમાં અસલ્યો ગરમી પડી છે ત્યારે આ વરસાદી એન્ટ્રીથી લોકોને ગરમી અને બફારાથી પણ રાહત મળી છે.

## જૂનાગઢમાં પત્નીના વિયોગમાં પતિએ કરી આત્મહત્યા

### પત્ની રીસામણે ચાલી જતા સાસુ-સસરા અને સાળીઓ દ્વારા તેને કોલકત્તા ડાન્સબારમાં મોકલી દીધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, ગૌતમ ચૌહાણ**

**જૂનાગઢ:** જૂનાગઢના ઝાંઝરડા રોડ પર સિધ્ધનાથ મંદિર પાસે શ્રીકુંજ એપાર્ટમેન્ટમાં રહેતા સોપારીના વેપારીએ આત્મહત્યા કર્યાનો કિસ્સો સામે આવ્યો છે.ગૌરવ પરશોતમ ભૂત નામના ઉ.૩૮ યુવકે અચાનક તેના ઘરે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી જવા પામી છે. ત્યારે બી ડિવિઝન પોલીસ દ્વારા મૃતક યુવક પાસેથી સુસાઈટ નોટ પણ કબ્જે કરવામાં આવી છે. જેમાં મૃતક ગૌરવ ભૂતે તેની પત્ની રીસામણે ચાલી જતા સાસુ-સસરા અને સાળીઓ દ્વારા તેને કોલકત્તા ડાન્સબારમાં મોકલી દીધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



વયોવૃધ્ધ માતા સાથે રહેતા મૃતક ગૌરવે માણાવદરના રાજેશ વિઠલભાઈ રામાનંદીની દીકરી નેન્સી સાથે લગ્ન થયા હતા,ગૌરવના આ ત્રીજા લગ્ન હતા અને ગૌરવને આગલા ઘરના એક દીકરો ધનુષ અને એક દીકરી છે. આ ગૌરવ તેના પરિવાર સાથે હસીખુશી રહેતો હતો. પરંતુ ૩૧/૫/૨૦૨૪ થી પત્ની નેન્સી ક્યાંય ચાલી ગઈ હતી અને પતિ દ્વારા તેના સસરાને ફોન કરતા તે ક્યાં છે તે તેને જણાવ્યું ન હતું. જેને લઇ મૃતક ગૌરવ ને લાગી આવતા આજે તેને ગળે પાછો ખાય આત્મહત્યા કરી હતી.

મૃતક ગૌરવના ઘરનો અંદરથી બંધ જોતા તેમના પરિવાર દ્વારા બહારથી જોયું તો ગૌરવ પંખે લટકતી હાલતમાં જોવા મળ્યું હતો.જે ઘટનાની જાણ કરતા બી ડિવીઝન સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.ત્યારે દરવાજો ખોલીને ગૌરવના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો, તપાસમાં પોલીસને એક સ્યુસાઈટ નોટ પણ મળી આવી છે. હાલ બી ડિવિઝન પોલીસે અમોત દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

**સ્યુસાઈટ નોટના શબ્દો..**

**ડીયર એસપી સાહેબ...મારી જિંદગીના દુશ્મન અને મારી ઘરવાળી ક્યાં છે, એ મને ખબર નહી, એના બાબત..**

મારી ઘરવાળી નેન્સી ગૌરવ ભૂત મને તા.૩૧/૦૫/૨૦૨૪ થી ખબર નથી ક્યાં છે, એના માં-બાપ પણ મને કહેતા નથી. એને મારી જિંદગીમાં બવ મહત્વ આપ્યું છે. નેન્સીને જિંદગીના બધા શોખ પુરા કરાવ્યા હતા. પણ હવે મારી પાસે પૈસા કે કાઈ નથી. એટલે એના માં-બાપે મારી ઘરવાળીને એની બહેનો પ્રિયા, અનુશ્રી, હિમાલયની સાથે કોલકતા ડાન્સબારમાં પૈસા કમાવા મોકલી દીધી છે. તો આ વસ્તુ મને પસંદ નથી. અને એના માં-બાપે પેહેલેથી એની બધી છોકરીઓના પૈસા માટે જીવે છે.રાજેશ વિઠલ રામાનંદી અને પ્રજ્ઞા રાજેશ રામાનંદીએ મારી જિંદગીની દશા ફેરવી નાખી છે, મારી નેન્સી બવ સીધી છે. એને પણ બગાડવા માંગે છે. તો મારી જિંદગી વગર હું જીવી શકું તેમ નથી. એટલે હું આત્મહત્યા કરું છુ. અને મારો દીકરો ધનુષ અને મારી દીકરી એ પણ પેલા ઘરની છે. નેન્સી તારા વગર મને જીવવામાં જરાય રસ નથી. લવ યુ જાન...

આ મામલે ડીવાયએસપી હિતેશ ધાંધલીયા સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે મૃતક યુવક પાસેથી જે સુસાઇડ નોટ મળી આવી છે તે મામલે હાલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## જુનાગઢ પૃષ્ટિ માર્ગ સંપ્રદાયના વૈષ્ણવ સંતો અને ભક્તોમાં મહારાજા ફિલ્મને લઈ રોષ

### યશરાજ ફિલ્મ્સ અને ફિલ્મ સંબંધિત લોકો વિરુદ્ધ જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

મહારાજા ફિલ્મને લઈ જુનાગઢ પૃષ્ટિ માર્ગ સંપ્રદાયના સંતો અને ભક્તોમાં રોષ ભોગુક્યો છે ત્યારે આજે જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં યશરાજ ફિલ્મ ના ડાયરેક્ટર અને આ ફિલ્મના સંબંધિત લોકો વિરુદ્ધ ગુનો નોંધવા અરજી કરવામાં આવી હતી. ત્યારે આ મામલે બોલીવુડ એક્ટર આમિર ખાન ના દીકરા જુનેદ ખાનની ફિલ્મ મહારાજા ના રિલીઝ કરવા પર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રોક લગાવવામાં આવી છે. આ ફિલ્મ ૧૪ જૂને ઘઝઝ પ્લેટફોર્મ નેટફ્લિકસ પર રિલીઝ થવાની હતી. તે પહેલા જ આ ફિલ્મનો વિવાદ ગુજરાત હાઇકોર્ટ માં પહોંચ્યો હતો. જેને લઇ મહારાજા ફિલ્મ પર ગુજરાતમાં હંગામી ધોરણે શ્રી મુકવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર પૃષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવ સંતો અને ભક્તો દ્વારા મહારાજા ફિલ્મનો વિરોધ કરવામાં આવી રહ્યો છે જેને લઈ આજે જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધવા અરજી કરવામાં આવી હતી....

આ મામલે સનાત ન ધર્મના આચાર્ય અને રઘુનાથજી દીક્ષિતે જણાવ્યું હતું કે સનાતન ધર્મની આસ્થા પર ફિલ્મ બનાવીને અને પુસ્તક દ્વારા એક પ્રહાર કરવામાં આવ્યો છે. પિક્ચર બનાવીને પ્રહાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના કારણે અમારે ફરિયાદ કરવાની




ફરજ પડી છે.આ ફરિયાદમાં મહારાજા પુસ્તક લખનાર સૌરભ શાહ, પુસ્તક પ્રકાશિત કરનાર પ્રકાશન હાઉસ, તેમજ યશરાજ ફિલ્મ અને આમિર ખાન તેમજ જુનેદખાન વિરુદ્ધ અમે ફરિયાદ કરવા અહીં ઉપસ્થિત થયા છીએ. કારણ કે આ પુસ્તકની અંદર હિન્દુ સંતો ,ધર્મગુરુ, હિન્દુ ધર્મની બહેનો ,સ્ત્રીઓ સઅને સૌથી વધારે હિન્દુ ધર્મના પરમ આરાધ્યાય એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉપર પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે. ધર્મગ્રંથોને ખરાબ ગણવામાં આવ્યા છે.

અમને ન્યાયતંત્રમાં પૂરતો વિશ્વાસ છે કે તેની યોગ્ય નોંધ લેવાશે અને જો નોંધ ન લેવાય તો આત્મવિલોપન સુધીના જલદ કાર્યક્રમો કલેકટર કચેરી ખાતે કરવા તૈયાર છીએ. આર આર શેઠ નામની પ્રકાશન કંપની દ્વારા આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.સૌરભ શાહ દ્વારા મહારાજ નામથી જે પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તક પરથી યશરાજ ફિલ્મ્સ દ્વારા આ ફિલ્મ બનાવવામાં આવ્યું છે. આપણી મને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવાની તૈયારી હતી.આમિર ખાન અને તેના દીકરા જુનેદખાન દ્વારા આ ફિલ્મ રિલીઝ કરવાના હતા. ત્યારે આ ફિલ્મ દ્વારા હિન્દુ સંસ્કૃતિ પર પ્રહાર કરવામાં આવ્યો છે.

ત્યારે સંતો ભક્તો ના પ્રયત્નો દ્વારા હાઇકોર્ટ દ્વારા આ ફિલ્મને તે આપવામાં આવ્યો છે. આગામી સમયમાં ન્યાયતંત્ર દ્વારા ફિલ્મને લઈ સુનાવણી પણ કરવામાં આવશે. આ ફિલ્મમાં વૈષ્ણવ સંપ્રદાયના સંતો, આચાર્ય મૂળાચાર્ય અને આરાધ્ય ભગવાન શ્રી કૃષ્ણ તેમજ અનુયાય બહેનોના ચારિત્ર પર પાયા વગરના આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ મામલે વૈષ્ણવ સંપ્રદાયના ભક્ત જીગ્નેશ પંડ્યા એ જણાવ્યું હતું કે વારંવાર હિન્દુ ધર્મ ઉપર આ રીતે એટેક કરવામાં આવે છે. માત્ર પુસ્તકીયું જ્ઞાન લેનારા જે લોકો છે. પુસ્તક પરથી ફિલ્મ બનાવનાર લોકોએ પહેલા તો હિન્દુ ધર્મ શું છે તેના વિશે ખબર હોવી જોઈએ અને ત્યારબાદ જ આ ફિલ્મના વિષય પર જવું જોઈએ. માત્ર પબ્લિક સ્ટન્ટ અને ફિલ્મ હિટ કરવા માટે કરવા માટે આવા વિવાદ ઉભા કરવામાં આવે આવા લોકો દ્વારા માત્ર હિન્દુ ધર્મ પર જ ફિલ્મો બનાવી કીચડ ઉછાળવામાં આવે છે. આ મામલે જૂનાગઢમાં ઉગ્ર આંદોલન ની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આ ફિલ્મને હાઇકોર્ટ દ્વારા તે આપવામાં આવ્યો છે અને આવનાર સમયમાં આ ફિલ્મ રિલીઝ ન થવી જોઈએ. કારણ કે આ ફિલ્મ એ સનાતન ધર્મ અને શ્રીકૃષ્ણ પર એટેક કર્યા સમાન વાત છે.

## મોરબીના ટીંબડી ગામના પાટીયા પાસેથી બે બોલેરોમાં કતલખાને લઈ જવાતા ૬૭ ઘેટાને ગૌરક્ષકોએ બચાવ્યા,ચાર આરોપીની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તથા ચોટીલાના ગૌરક્ષકોએ મળેલ બાતમીને આધારે બે બોલરો ગાડીમાં અતિ ક્રૂરતાપૂર્વક બાંધી રાજકોટ તથા જામનગર કતલખાને લઇ જવાતા કુલ ૬૭ ઘેટાને બચાવી લેવામાં આવ્યા છે. ત્યારે મોરબી તાલુકા પોલીસે બંને બોલેરો કબ્જે લઈ બંને ગાડીના ચાલકો સહિત ચાર આરોપીઓની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તથા ચોટીલા હિન્દુ યુવવહિની ગૌરક્ષકોએ બાતમી મળેલ કે કચ્છથી બે બોલેરો રજી.નં.જીજે-૧૨-બીવાય-૦૫૯૪ તથા રજી. જીજે-૧૨-બીવાય-૪૪૨૮માં અબોલ પશુઓને રાજકોટ તથા જામનગર કતલખાને લઇ જવામાં આવતા હોવાની ચોક્કસ હકીકત મળતા મોરબી તથા ચોટીલા હિન્દુ યુવાવાહિનીના ગૌરક્ષકો ટીંબડી પાટિયાથી આગળ રવિરાજ ચોકડી પાસે વોચમા હોય ત્યારે ઉપરોક્ત બંને બોલેરો ત્યાંથી પસાર થતા તેને રોકી બંને બોલેરોના ઠાઠામાં તલાસી



લેતા કોઇ સક્ષમ અધિકારીઓની પાસ પરમીટ વગર રાત્રીના સમયે પશુઓની ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી તથા પાણી કે ઘાસચારાની સગવડ વગર ક્રુરતાપુર્વક નાના તથા મોટા મળી ઘેટાં જીવ નંગ-૬૭ ભરીને કતલખાને લઇ જવામાં આવતા હોવાનું જણાઇ આવતાં ઉપરોક્ત બંને બોલેરોને મોરબી તાલુકા પોલીસ મથકમાં લઇ જવામાં આવી હતી.

મોરબી તાલુકા પોલીસે મોરબીના સામાકાંઠા વિસ્તારમાં વેજીટેબલ રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટીમાં રહેતા જાંબાઝ ગૌરક્ષક જયરાજસિંહ મહાવીરસિંહ ઝાલા ઉવ.૨૮ની ફરિયાદને આધારે ઉપરોક્ત બંને બોલેરોના ચાલક સહિત ચાર આરોપી મુસ્તુફા જમનશા શેખ ઉવ.૨૫ રહે-ભુજ ઓકટ્રોચોકીબાજુમાં જી-કચ્છ-ભુજ, મહમદ સીદીક આશિમશા શેખ ઉવ.૨૬ રહે-ભુજ, ભીમાભાઈ વશરામભાઈ રબારી ઉવ.૬૦ રહે-જંગી ગામ તા-ભચાઉ જી-કચ્છ-ભુજ, અમીનશા મહમદશા શેખ ઉવ.૨૧ રહે-શિકારપુર તા-ભચાઉ જી-કચ્છ-ભુજની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે નાના મોટા ૬૭ ઘેટા કિ.રૂા.૨,૦૧,૦૦૦/- તથા બે બોલેરો કુલ કિ.રૂા.૮,૦૧,૦૦૦/- નો મુદામાલ કબ્જે લઈ ચારેય આરોપીઓ સામે પશુ પ્રત્યે ઘાતકીપણા એક્ટ-૧૯૬૦ ની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# બકરીઈદની જાહેર રજામા ખાનગી શાળા ચાલુ રખાતા કોંગ્રેસનો હલ્લાબોલ : પોલીસ દ્વારા ૫ ની અટકાયત

## સરકારનો સ્પષ્ટ પરિપત્ર હોવા છતા નિયમોનો વારંવાર ઉલાળિયો કરનાર સ્કૂલો સામે મોરચો : રોહિતસિંહ રાજપુત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે બકરીઈદની સરકારી જાહેર રજા હોય ત્યારે તમામ શૈક્ષિણિક સંસ્થાઓમા શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનુ હોય છે પરંતુ રાજકોટની નામાંકિત ધોળકીયા સ્કુલને જાણે સરકારના નિયમો સાથે કંઈ લેવાદેવા જ ના હોય તેમ અવારનવારની જેમ આજે પણ ધોળકિયા સ્કૂલની તમામ બ્રાન્ચો ચાલૂ રાખી હતી ત્યારે આજે આ સ્કૂલના અનેક વિદ્યાર્થીઓના અને તેઓના વાલીઓના ફરિયાદો કરી હતી કે આજે આ જ સ્કૂલમા શૈક્ષિણિક કાર્ય કેમ ચાલુ ? આજે તેઓની ફરિયાદોને આધારે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂત અને તેઓની ટીમ જે જે શાળાઓ આજે ચાલુ હતી તે સ્કૂલમાં શૈક્ષણિક કાર્ય બંધ કરાવવા સચાલકોને રજૂઆત કરવા નિકળ્યા હતા ત્યારે બાલાજી હોલ નજીક આવેલી કે.જી.ધોળકિયા સ્કૂલ પર પહોચ્યા હતા અને સ્કૂલ સંચાલકની ચેમ્બરના વ્યવસ્થિત રજૂઆત કરતા હતા.

કોંગ્રેસના નેતા રોહિતસિંહ રાજપૂતે ધોળકીયા સ્કૂલના સંચાલક કૃષ્ણકાન્ત ધોળકીયાને રજૂઆત કરતા કહ્યુ હતુ કે જે નાના ભૂલકાઓને આપણે બિનસાંપ્રદાયિકતા અને સર્વ ધર્મ સમ ભાવ ના પાઠ ભણાવિયે છે તે બાળકોને કોઇ પણ ધાર્મિક તહેવારોની જાહેર રજાઓમા શાળાઓએ બોલાવવામા આવે ત્યારે તેઓની માનસતા પર ખરાબ અસર વર્તાય છે.શાળાઓમા તમામ ધર્મના બાળકો અભ્યાસ કરતા હોય છે ત્યારે આ રીતે ધાર્મિક ભેદભાવો રાખી ક્યારેક શાળા બંધ તો ક્યારેક ચાલુ તો અમુક બાળકોની માનસતા પર ભેદભાવભરી નીતિની ગંભિર અસર વર્તાય છે.આપણો દેશ બિનસાંપ્રદાયિક દેશ છે ત્યારે તમામ ધાર્મિક તહેવારોમા શાળાઓ બંધ રહે એ અમારી પ્રાથમિકતા છે. બાળકોનુ શૈક્ષણિક કાર્ય બગડે તેવો અમારો બદઇરાદો નથી પરંતુ અમારા માટે ધાર્મિક-સાંપ્રદાયિકતા ભેદભાવની અસર બાળકોમાં નાનપણથી જ ના જાય અને જેનો આપણા સમાજમા કોઇ ખરાબ મેસેજ ના જવો જોઈએ તેવો છે.બાળકોમા રામનવમી,ક્રિસમસ અને ઈદ બધા તહેવારોની લાગણી સરખી રહેશે તો જ આપણો દેશ વિકસિત થશે.

આજે કોંગ્રેસના વિદ્યાર્થીનેતાઓ જ્યારે આ બાબતે સ્કૂલ સંચાલકને રજૂઆત કરતા હતા ત્યારે તાલુકા પોલીસે બળજબરીપૂર્વક કાર્યકરોની અટકાયત કરી હતી. રોહિતસિંહ રાજપૂતનો સંપર્ક કરતા જણાવ્યું હતુ કે અમે જિલ્લા શિક્ષણ અધિકારીને આ અંગે આજે પાંચ કોલ કરેલ હતા પણ કોઈ પ્રત્યુતર મળ્યો ના હતો બાદમા અમારે સ્કૂલે રૂબરૂ જવુ પડ્યું હતુ પણ ખોટા સંચાલક એ પોલીસને આગળ કરી વિદ્યાર્થીઓનો અવાજ દબાવ્યો છે.

# હડમતીયા ગોલીડામાં કૂવો ગાળતી વખતે ભેખડ પડતા શ્રમિક યુવાનનું મોત

## હુડકો ક્વાર્ટરમાં વખ ઘોળનાર વૃદ્ધે સારવારમાં દમ તોડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના હડમતીયા ગોલીડા ગામે કુવો ગાળતી વખતે ભેખડ ધરાસાઈ થતા શ્રમિક યુવાન નીચે દટાયો હતો. યુવકને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

આ બનાવ અંગે ની માહિતી મુજબ રાજકોટ તાલુકાના હડમતીયા ગોલીડા ગામે રહેતા નાગજીભાઈ ડોબરીયાની વાડીએ શ્રમિકો કુવો ગાળવાની કામગીરી કરતા હતા ત્યારે અકસ્માતે ભેખડ ધરાસાઈ થતાં કૂવો ગાળી રહેલા પ્રભુસિંગ સવયસિંગ રાવત નામનો ૪૨ વર્ષનો યુવાન ભેખડ નીચે દટાઈ ગયો હતો યુવકને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયા યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલા હુડકો ક્વાર્ટરમાં રહેતા ધીરુભાઈ ધરમશીભાઈ પીઠવા નામના ૭૫ વર્ષના વૃદ્ધ ગત તારીખ ૧૩ના રોજ સવારના સાડા નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી વૃદ્ધને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા

જ્યાં ટૂંકી સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેસીડેન્સીના સ્વિમિંગ પૂલમાં ડૂબી જતા બે માસુમ નેપાળી બાળાઓના કરૂણ મોત

## કોમ્પ્લેક્સમાં ચોકીદારી કરતા બે નેપાળી પરિવારની બાળકીઓ સાયકલ ચલાવતી વેળાએ સ્વિમિંગ પૂલમાં પડી ગયાની આશંકાએ પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા ગામ નજીક ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર માવેલી સિલ્પન મોનેક્સ નાયની રેસિડેન્સીયાં ચોકીદારી કરતાં બે નેપાની પરિવારની ૩ વર્ષ ૨ માસ મને ૩ વર્ષ ૯ માસની દિકરીઓ રાતે રેસિડેન્સીના મેરિયામાં સાઈકલ ફેરસૂતી ફેરવતી સ્વીમિંગ પૂલ પાસે પહોંચ્યા બાદ કોઈપણ રીતે અંદર પડી જતાં ડૂબી જતાં બંનેના કમકચાટીભર્યા મોત નીપજતા પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે.

આ ઘટનાની માહિતી મુજબ રૈયા





ગામના ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર કિડની હોસ્પિટલની સામેના ભાગના રોડ પર આવેલી શિલ્પન મોનેક્સ રેસિડેન્સીયા રાત્રીના બે નેપાની વોચમેનની દિકરીઓ રેસિડેન્સીમાં જ આવેલા સ્વીમિંગ પૂલમાં ડૂબી જતાં બંનેના મૃત્યુ થયા હતાં. મુત્ર નેપાવનો પ્રકાશ તેજબહાદુર સિંગ મને તેના પત્નિ મનિષા સિંઘ તેની એકની એક પુત્રી મેનુકા (ઉ. ૩વર્ષ ૨ માસ) સાથે વોચ ચેનના રૂપમાં રહી રેસિડેન્સીની ચોકીદારી કરે છે. તેને સંતાનમાં એક જ દિકરી મેનુકા છે. જ્યારે અન્ય વોચમેન ગોકુલ રંગબહાદુર ચંદ તેનાપત્નિ સિતાતથા એક પુત્રી પ્રકૃતિ (ઉ.૩વર્ષ ૯ માસ) તથા એક ૧૧ માસના પુત્ર સાથે શિલ્પન મોનેક્સમાં વોચમેનના રૂમમાં રહી નોકરી કરે છે. ગોકુલ મને તેનો પરિવાર હજુ ૧૭ દિવસ પહેલાજ અહિ નોકરીએ જોડાયો છે. મગાઉ ગોકુલ ટારીયા ચોકડી પાસે નોકરી કરતો હતો અને રહેતો હતો.

પ્રકાશઅને ગોકુલ એમ બંને વોચ મેનની દિકરીઓ મેનુકામને પ્રકૃતિદરરોજ સાથે જ રમતી હતી. ગત રાતે બંને સાઈકલ ફેસ્વવા માટે રાતે નવેક વાગ્યે રૂચ પાસેથી નીકળી હતી. દરરોજ બંને આ રીતે સાઈકલ ફેરવવા જતી હતી અને થોડી વાર પછી પસ્ત રૂમ ખાતે આવી જતી હતી. ગત રાતે એકાદ કલાક સુધી આ બંને બાળા રૂમ પર ન આવતાં બંનેના માતા-પિતાએ શોધખોળ શરૂ કરી હતી. એ દરમિયાન રેશિડેન્સીના સ્વીમિંગ પુલ પાસે બંનેની સાઇકલ જોવા મળી હતી. ત્યાં એક રહેવાસીએ સ્વીમિંગ પૂલમાં જોતાં બતે ફૂલડા જેવી બાવા પાણીમાં દેખાતાં દેકારો મચી ગયો હતો. તુસ્ત જ બંનેને બહાર કાઢવાની તજવીજ થઈ હતી અને ૧૦૮ બોલાવાઈ હતી. જો કે બંને બાવાને ૧૦૮ના તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં નેપાળી દંપતિઓમાં કલ્પાંત સર્જાયો હતો.

યુનિવર્સિટી પોલીસને જાણ થતાં પીએસઆઈ ડી. આર. સનુ સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંથી પંચનામુ કરી બંને બાળાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયા હતાં. લાડકવાયી દિકરીઓના મૃત્યુથી બંને બાળાના પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# સ્વામીનારાયણ સંપ્રદાયના લંપટ સાધુઓ વિરૂદ્ધ હરિભક્તોમાં ભારે આક્રોશ

## હરિભક્તોએ ૭ દિવસનું અલ્ટિમેટમ આપ્યુંઃગઢડા ગોપીનાથજી મંદિર ખાતે બહેનોએ છાજિયાં લઈ વિરોધ કર્યોઃહરિભક્તોએ ટ્રસ્ટીઓને આવેદનપત્ર આપી લંપટ સાધુઓને હટાવવાની માંગ કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

સ્વામીનારાયણ સંપ્રદાયના લંપટ સાધુઓના એક પછી એક કરતુતો બહાર આવી રહ્યા છે. લંપટાઈ કરતા વીડિયો સુષ્ટી વિરૂદ્ધના કૃત્ય કરતા સંતોના વીડિયો સામે આવતા હરીભક્તોમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે. જેને લઈ ભક્તો હવે ધર્મને બચાવવા મેદાને આવ્યા છે. ત્યારે ગઢડા સ્વામિનારાયણ ગોપીનાથજી મંદિરે મોટી સંખ્યામાં હરિભક્તોએ છાજિયા લઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે જ

સાધુઓને હટાવવાની માગ કર સાથે ૭ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. વડોદરામાં ત્રણ સ્વામી વિરુદ્ધ થયેલી દુષ્કર્મની ફરિયાદ તેમજ ગઢડામાં સૃષ્ટિ વિરુદ્ધનાં કાર્યો સહિતની બાબતોને લઈને હરિભક્તોમાં સતત વિરોધ વધતો જાય છે. ત્યારે સ્વામીઓની લંપટલીલા અને વાઈરલ વીડિયોને લઈ મોટી સંખ્યામાં હરિભક્તો ગઢડા મંદિર પર પહોંચ્યા હતા.



જ્યાં સ્વામિનારાયણ સિદ્ધાંત હિત રક્ષક સમિતિ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. મંદિરમાં લંપટ સંતો સામે બેનરો લગાવી નારેબાજી કરવામાં આવી હતી. બેનરોમાં આ પાખંડી સંતોને દૂર કરવાની માગ કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, વધુ એક સ્વામીની પાપલીલા સામે આવી છે. જેમાં રાજકોટની યુવતી સાથે ખોટા લગ્ન કરી ધર્મસ્વરૂપદાસ સ્વામીએ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું તેમજ હોસ્ટેલ સંચાલકે દવા પીવડાવી ગર્ભપાત કરાવ્યો હતો.

સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓના અશ્લિલ વીડિયો વાઈરલ થયા છે. વડતાલ, ગઢડા સહિતના મંદિરના સાધુઓના વીડિયો વાઈરલ થયા છે. જેના કારણે સનાતન ધર્મ અને સ્વામીનારાયણ સંપ્રદાયના હરિભક્તોમાં નારાજગી ફેલાઈ છે. જેથી ઠેર ઠેર હરિભક્તો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ગઢડા ગોપીનાથજી મંદિરના સ્વામીનો પણ વીડિયો વાઈરલ થયો છે. જેથી સંપ્રદાયને બચાવવા હરિભક્તો મેદાનમાં આવ્યા છે. આજે ગઢડા ગોપીનાથજી મંદિર ખાતે મોટી સંખ્યામાં હરિભક્તો પહોંચી વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

ગઢડા ગોપીનાથજી ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટી બકુલ પટેલ દ્વારા આવેદનપત્ર સ્વીકારવામાં આવેલ અને મીડિયા સમક્ષ સાધુના આ પ્રમાણેના અવિલ વીડિયો મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ બિલકુલ યોગ્ય નથી. આ મામલે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી સાથે આગામી દિવસોની ટેમ્પલ બોર્ડની મીટિંગમાં વીડિયો મામલે કાર્યવાહી કરશું. બીજી તરફ આક્રોશ સાથે જોવા મળતા હરિભક્તોએ પણ ૭ દિવસનું અલ્ટીમેટમ આપી આવા સાધુને તાત્કાલિક દૂર કરવા રોષ સાથે માગણી કરી છે.

# અગ્નિકાંડના બીજા દિવસે ઈમ્પેક્ટની બોગસ ફાઈલ મામલે પકડાયેલ બે અધિકારી ૬ દિવસના રિમાન્ડ પર

## મહાનગરપાલિકાની કચેરીમાં ઘટનાના બીજા દિવસે રજીસ્ટરમાં ચેડા કોના કહેવાથી કર્યા, આ કાંડ કરવામાં કોઈ આર્થિક લાભ હતો કે કેમ તે સહિતના મુદ્દે તપાસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં ધરપકડનો આંક ૧૨ ઉપર પહોચ્યો છે એટીપીઓ અને આસિસ્ટન્ટ ઈજનેરની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે કોર્ટે રજીસ્ટરમાં કોના કહેવાથી રજીસ્ટરમાં ચેડા કર્યા હતા અથવા નાશ કર્યો હતો તેમજ આ કાંડ કરવાથી કોઈ આર્થિક લાભ મળવાનો હતો કે કેમ તે સહિતની દલીલો ગ્રાહ્ય રાખી હતી પોલીસ હવે તે દિશામાં તપાસ કરશે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં



અગાઉ પકડાયેલા ૫ ભાગીદારો તેમજ પૂર્વ ટીપીઓ સહીત ૯ આરોપીઓના રિમાન્ડ પુરા થતા જેલહવાલે કરી દેવામાં આવ્યા છે સીટના વડા ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ અને ટીમે તપાસ હાથ ધરી હતી ગેમઝોનને ઈમ્પેક્ટમાં લેવાની જે અરજી હતી તે મુદ્દે તપાસ કરતા દુર્ઘટનાના બીજા જ દિવસે જાવક રજીસ્ટરનો નાશ કરી ઈમ્પેક્ટની બોગસ ફાઈલ ઉભી કરી હોવાનું સામે આવતા અને આ કૌભાંડમાં એમ ડી સાગઠીયા સાથે મનપાના આસિસ્ટન્ટ એન્જીનીયર જયદીપ ચૌધરી અને આસિસ્ટન્ટ ટીપીઓ રાજેશ મકવાણાની સંડોવણી ખૂલતા બંનેની વિધિવત ધરપકડ કરી હતી.

બંનેના રિમાન્ડ અર્થે કોર્ટમાં રજુ કરતા વકીલ નીતેશ કથીરિયાએ દલીલો કરી હતી કે બંને આરોપી કોર્પોરેશનના મહત્વના હોદા ઉપર છે તે બંનેએ કોના કહેવાથી રજીસ્ટરમાં ચેડા કર્યા અથવા તો રજીસ્ટરનોનાશ કર્યો તેમજ બંનેને આ કામ કરવા પાછળ કોઈ આર્થિક લાભ મળવાનો હતો કે કેમ અને જો આર્થિક લાભ મળવાનો હતો તો તે કોના તરફથી મળવાનો હતો તે સહિતના મુદ્દે દલીલો કરતા કોર્ટે ૬ દિવસના એટલે કે આગામી તારીખ ૨૧ સુધીના રિમાન્ડ મંજુર કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પ્રેમ પ્રકરણમાં રાજકોટની મહિલાની હત્યા કરનાર આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

## લગ્ન નહી થતા પૂર્વ પ્રેમી સહિતના શખ્સોએ મહિલાને મોતને ઘાટ ઉતાર્યાનો ગુનો નોંધાયો'તો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં રહેતા ભાવનાબેન નામની મહિલાને મોતને ઘાટ ઉતાર્યાની મૃતક ભાવનાબેનના પિતા એ એરપોર્ટ પોલીસ મથકમાં નરેશ પરમાર, રમેશ પરમાર, જયેશ રાઠોડ અને ભાનુબેન પરમાર તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તમામ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી .પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ભાવનાબેનને નરેશ પરમાર નામના યુવાન સાથે પ્રેમ સંબંધ હોવાથી લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ લગ્ન ન થતા તો પૂર્વ પ્રેમી નરેશ પરમાર દવા પીવાની ધમકી આપી. જેનો ખાર રાખી નરેશ પરમાર એ અન્ય




શખ્સોની મદદથી ભાવનાબેન ને ગુંદાળા ગામ પાસે લઈ જઈ છરીના ઘા ઝીકી મોતને ઘાટ ઉતારેલો ખુલ્યું હતું. તમામની તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યો હતો. હાલ જેલ હવાલે રહેલા જયેશ રાઠોડ નામના શખ્સે અદાલતમાં જામીન પર છૂટવા અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં આ કામના મહિલા આરોપીએ આ ગુનામા ઉપયોગમાં લીધેલ હથીયારો ગુજરનારનો મોબાઈલ ફોન,ડોક્યુમેન્ટસ સળગાવી નાખી અને છરીઓ છૂપાવી દીધી હતી. ચાર્જશીટ બાદ સંજોગો બદલાયા નથી. આથી જયેશ રાઠોડની જામીન અરજી રદ કરવા દલીલો કરી હતી.સરકારી વકીલની દલીલો, ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ, પોલીસ પેપર્સ, અભિપ્રાય, મેડીકલ પેપર્સ, ચાર્જશીટ બાદની જામીન અરજી નામંજુર કરી હતી. આ કામે સરકાર તરફે સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયેલ હતા.

# શ્વાન ભસવા બાબતે વેપારી પર પાડોશી મહિલા સહિત ત્રણ શખ્સોના હીચકારો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર આવેલા સેટેલાઈટ ચોક પાસે ઠાકોર દ્વાર સોસાયટીમાં શ્વાનો વચ્ચે લડાઈ કરાવવાની ના પાડતા વેપારી ઉપર મહિલા સહિત બે શખ્સોએ હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા વેપારીએ હુમલાખોર બંને શખ્સ વિરુદ્ધ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ મોરબી રોડ ઉપર આવેલા સેટેલાઈટ ચોક પાસે ઠાકોર દ્વારા સોસાયટીમાં રહેતા રમેશભાઈ જશવંતભાઈ સોરઠીયા નામના ૫૧ વર્ષના આધેડના પત્ની ભાનુબેન સોરઠીયા પોતાની શેરીમાં શ્વાનને રોટલી ખવડાવતા હતા ત્યારે બાજુમાં જ રહેતા આરોપી રોહન સુરેશભાઈ રૈયાણી અને જ્યોત્સનાબેન સુરેશભાઈ રૈયાણીએ પોતાના પાલતુ શ્વાનને બહાર લાવી વાનો વચ્ચે અંદરો અંદર લડાઈ કરાવી ભસાવતા હતા જે અંગે રમેશભાઈ સોરઠીયાએ આમ ન કરવા કહેતા આરોપી રોહન રૈયાણીએ ગાળો ભાંડી કરી હતી. એટલામાં જ્યોત્સનાબેન રૈયાણીએ બહાર આવી ફરિયાદીના બંને હાથ પકડી રાખ્યા હતા અને રોહન રૈયાણીએ લાકડાના ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા રમેશભાઈ સોરઠીયાને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ઈજાગ્રસ્ત રમેશભાઈ સોરઠીયા હુમલાખોર મહિલા સહિત બંને શખ્સ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પીએસઆઇ એમ.આઈ. શેખ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# પુષ્કરધામના ગેટ પાસે ઝાડની ડાળી તૂટી જતા રસ્તો બંધઃ સ્થાનિક લોકોએ જેહમત ઉઠાવી રસ્તો શરૂ કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

યુનિવર્સિટી રોડ ઉપર આવેલી પુષ્કરધામ સોસાયટીમાં એક લીમડામાંથી મોટી ડાળ કડાકાભેર તૂટી પડતા ગેટ પાસેનો રસ્તો થોડીવાર માટે બંધ થઈ ગયો હતો. રસ્તો બંધ થતા આસપાસ વસવાટ કરનારાઓએ જાત મહેનતથી ડાળીને દૂર કરી રસ્તો ક્લીયર કરાવ્યો હતો.

ત્રણેક દાયકા જૂની પુષ્કરધામ સોસાયટીમાં આજે પણ અનેક ઘટાટોપ ઝાડ છે. સ્થાનિક પરિવારો પણ ઝાડને બચાવવા માટે પ્રયાસો કરતા હોય છે. ગેટ પાસે જ લીમડા અને બિલીની મોટા ઝાડ આવેલા છે જેમાંથી આજે લીમડાના ઝાડમાંથી ડાળી તૂટી હતી. મોટી ડાળી ખાસ કોઈ પવન ન હતો તેમ છતા પણ તૂટી પડી હતી.

